# જિલ્લા કલેક્ટર હિતેષ કોયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સૈનિક કલ્યાણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઈ

હિંમતનગર, તા.૧૬

જિલ્લા સૈનિક કલ્યાણ સમિતિની ત્રિમાસિક બેઠક જિલ્લા કલેકટરશ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી પોળો હોલ ખાતે મળી હતી. જેમાં સૈનિકો દ્વારા ૧૯૭૧ના યુદ્ધમાં વિજય મેળવવા બદલ અને સૈનિકોની બહાદુરી અંગે ટૂંકી ફિલ્મ રજૂ કરાઈ હતી અને જિલ્લા સૈનિક કલ્યાણ બોર્ડ દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીએ ગત ૧૭ જૂન ૨૦૨૨ ના રોજ મળેલ બેઠકની વિગતો રજૂ કરી હતી અને આજે તા. ૧૬/ ૧૨/ ૨૦૨૨ ના રોજ મળેલ બેઠકના એજન્ડા રજૂ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેશ શાહ, જિલ્લા પોલીસ વડા શ્રી વિશાલ વાઘેલા તથા સૈનિક વેલ્ફેર બોર્ડના લેફટનન્ટ કર્નલ એમ.બી.પટેલ તથા સશસ્ત્ર સેના ધ્વજ દિન નિમિત્તે આર્થિક યોગદાન આપનાર સંસ્થાના વડા, સ્કૂલના પ્રિન્સિપાલ તથા વિવિધ કચેરીના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. સારો ફાળો આપનારને ટ્રોફી આપી અધ્યક્ષ શ્રી અને અધિકારી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સશસ્ત્ર સેના ધ્વજ દિન ૨૦૨૨ ના વર્ષમાં ૧૦ લાખના લક્ષ્યાંક સામે રૂ. ૧૩,૬૪,૬૦૦/- એટલે કે ૧૩૬.૪૬ ટકા ની સિદ્ધિ કોરોના કાળમાં પણ કરવામાં આવી છે. જે આપણા માટે ગૌરવની વાત છે. જ્યારે ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં રૂ. ૫,૩૭,૬૯૯/- એટલે કે ૫૩.૩૬% ફાળો મળેલ છે જેને પણ ફાળો આપવાનો હોય તે ૩૧/૧/૨૦૨૩ સુધીમાં ફાળો જમા કરાવી દેવા અપીલ કરવામાં આવી હતી. આ લક્ષ્યાંક પણ સૌ સાથે મળીને પૂર્ણ કરવા બેઠકમાં વિનંતી કરાઈ હતી. જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા રાજ્ય સૈનિક કલ્યાણ બોર્ડ ની યોજના અંગે માહિતી આપી હતી. પૂર્વ સૈનિકો/ સ્વ સૈનિકોના ધર્મપત્નીઓ તેમના આશ્રિતોને રૂ. બે લાખની વાર્ષિક આવક મર્યાદામાં માસિક આર્થિક સહાય આપવા માટે કુલ પાંચ કેસ ની ઓળખ કરી હતી જેમાંથી ચાર કેસોની મંજૂરી નિયામકશ્રી સૈનિક કલ્યાણ અમદાવાદ તરફથી મંજૂરી મળેલ છે. અને એક કેસ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે માસિક આર્થિક સહાયની સ્થિતિ જોઈ એ તો એપ્રિલ ૨૦૨૨ સી ડીસેમ્બર ૨૦૨૨ ના વર્ષમાં ૨૨૪ કેસોમાં કુલ રૂ. ૧૩,૧૪,૬૦૦/- ની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત અવસાન પામેલા સૈનિકોને અંતિમ ક્રિયા સહાય, મુખ્યમંત્રી જવાન રાહત ભંડોળની સહાય પણ ચૂકવવામાં આવે છે. સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં સૈનિકોની સંખ્યા વધુ છે તેમને મદદરૂપ થવાનો સૈનિક કલ્યાણ કચેરી દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે.




# હિંમતનગરથી જાંબુડી એસ.ટી. રૂટ નિયમિત દોડાવવા પ્રજા માંગ...

ગાંભોઈ, તા.૧૬

હિંમતનગર એસ.ટી. ડેપો સંચાલિત હિંમતનગર થી જાંબુડી વાયા ગાંભોઈ એસ.ટી. રૂટ છેલ્લા ઘણા સમયથી સપ્તાહમાં ત્રણ વાર દોડાવવામાં આવે છે. તે બસરૂટની રોજિંદી સુવિધા આપવા ગ્રામ્ય મુસાફર જનતામાં ઉગ્ર માંગ ઉભી થઈ છે. આ અંગે અગ્રણી અમૃતસિંહ મકવાણા જણાવે છે કે હિંમતનગર થી જાંબુડી એસ.ટી. બસ રૂટ સવારે સાત વાગ્યાના સમયે હિંમતનગરથી ઉપડે છે. જે વાયા ગાંભોઈ, વાવડી, હિંમતપુર, ચાપલાનાર, મોરડુંગરા, અંબાવાડા વગેરે ગ્રામ્ય વિસ્તારને સાંકળી જાંબુડી સુધી દોડે છે. આ બસ રૂટ છેલ્લા ઘણા સમયથી અનિયમિત હોઈ ઉચ્ચ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ, સારવાર લેવા જતા દર્દીઓ તેમજ વેપારીવર્ગ ભારે હાલાકી અનુભવી રહ્યો છે. આ બસ રૂટને નિયમિત દોડાવવા એસ.ટી. તંત્રમાં વારંવાર રજૂઆત કરવા છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ગ્રામ્ય વિસ્તારનો જિલ્લા મથક હિંમતનગર સાથે સાંકળતો આ એક માત્ર બસરૂટ હોઈ આ બસરૂટને નિયમિત દોડાવવા જનતાની માંગ છે.

# પાલનપુરની પરિણીતાને સાસરીમાં મનમેળ ન થતા અઢી વર્ષથી પીયરમાં રહે છે

**પરણીતાના ઘર આગળ કોઈ કંકુ-લીંબુ નાંખી ગયું, સીસીટીવી ફૂટેજ ચેક કર્યા તો સાસુ નીકળ્યા : પરિણીતા આ અંગે ઘરે કહેવા જતા સાસુ સસરા પતિ અને મામા સસરાએ હુમલો કરી ઇજા પહોંચાડી**

પાલનપુર તા.૧૬

પાલનપુર નવાલક્ષ્મીપુરામાં પરિણીતાના ઘર આગળ રાત્રિ દરમિયાન કોઈ લીંબુ અને કંકુ ફેંકી ગયું હતું. જેના કેમેરામાં સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેણીના સાસુ એ જ ફેક્યું હોવાનું સામે આવ્યું હતું. આ અંગે સાસરીમાં કહેવા જતા પતિ, સાસુ, સસરા અને મામા સસરાએ તેણી અને મોટા બાપા ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી હતી.આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પાલનપુર નવા લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતા બેચરભાઈ અમીચંદભાઈ પટેલની પુત્રી પન્નાબેનના લગ્ન ૨૦૧૩ માં જુના લક્ષ્મીપુરાના મેહુલકુમાર મનુભાઈ ગાંભવા સાથે થયા હતા. તેમને સંતાનમાં એક દીકરો ચાર વર્ષનો છે. જોકે, સાસરીયામાં મનમેળ ના આવતા પન્નાબેન છેલ્લા અઢી વર્ષથી તેમના પિયરમાં રહે છે અને એ સાસરીયા ઉપર ભરણપોષણનો કેસ કોર્ટમાં કરેલો છે. દરમિયાન તારીખ ૧૦ ડિસેમ્બરના વહેલી સવારે તેમના ઘર આગળ કોઈ કંકુ અને લીંબુ ફેંકી ગયું હતું. આથી મકાનના બહારના ભાગે સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા તેમના સાસુ મંછીબેન મનુભાઈ ગાંભવા વહેલી સવારે ૫:૦૦ વાગ્યાના સુમારે મેન દરવાજાની જાળીમાંથી કંઈક ફેકતા જણાયા હતા. આથી પન્નાબેન અને તેમના મોટા બાપા ડાહ્યાભાઈ મગનભાઈ પટેલ સાસરીમાં કહેવા જતા સાસુ મંછીબેન, સસરા મનુભાઈ રામજીભાઈ ગાંભવા, પતિ મેહુલકુમાર મનુભાઈ ગાંભવા અને મામા સસરા નવીનભાઈ અમરતભાઈ પટેલ ઉશ્કેરાઈ ગયા હતા. જેમણે લાકડી અને ગડદાપાટુનો માર મારી બંનેને બીજા પહોંચાડી હતી. આ અંગેની પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચારે સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભિલોડાના સુનસર ગામના સીમ જંગલ વિસ્તારમાંથી પ્રેમી યુગલના મૃતદેહ મળ્યા

**યુવક અને યુવતીએ ધવના ઝાડ સાથે ગળે ફાંસો ખાધો : મૃતદેહ પી.એમ અર્થે કોટેઝ હોસ્પિટલમાં લવાયા**

ભિલોડા,તા.૧૬

૨૧મી સદીના ફાસ્ટ હાઈટેક યુગમાં મનુષ્યની સહન શકિત ધટતા સમાજ માટે ચિંતાનો વિષય છે.આપધાતના બનાવો ઠેર ઠેર ઉત્તરોતર વધી રહ્યા છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુનસર ગામના અંતરિયાળ ડુંગરાળ જંગલ વિસ્તારમાંથી પ્રેમી યુગલના મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી છે.અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડયું છે.ધવના ઝાડ પર પ્રેમી યુગલના લટકતા મૃતદેહ મળી આવ્યા હતા.

યુવક-યુવતીના મૃતદેહ કોટેઝ હોસ્પિટલમાં પી.એમ અર્થે ખસેડાયા હતા.કોટેઝ હોસ્પિટલમાં લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા.પ્રેમી યુગલ ના લટકતા મૃતદેહ મળ્યા હોવાના સમાચાર વાયુવેગે સમગ્ર વિસ્તારમાં પ્રસરી ગયા હતા.સમગ્ર બનાવ સંદર્ભે પોલીસે સ્થળ તપાસ કરીને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓના જણાવ્યા મુજબ સુનસર ગામના સીમ વિસ્તારમાં જંગલમાં ડુંગરાળ વિસ્તારમાં ધવના ઝાડની ડાળીએ તેઓની જાતે ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યુ હતું.

પ્રેમ સંબંધ દરમિયાન લગ્નજીવનના અરમાનો અધુરા રહ્યા અને પ્રેમી યુગલે સાથે જીવવાના કોડ અધુરા રહેતા બંને એક સાથે ગળે ફાંસો ખાઈને જીવન લીલા સંકેલી...

**રેશમા કાંતિભાઈ બરંડા (ઉંમર વર્ષ-૨૧) રહેવાસી,જાયલા,તા.ભિલોડા અને દિક્ષિત બાબુભાઈ ભગોરા (ઉંમર વર્ષ-૨૨) રહેવાસી,નાંખી,તા.હિંમતનગર બંને પ્રેમી યુગલ ને પ્રેમ સંબંધ હોય લગ્ન થઈ શકશે નહીં તેમ માની ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવતા ચકચાર મચી જવા પામી છે.ભિલોડા તાલુકાના જાયલા ગામના કાંતિભાઈ જગનાજી બરંડાએ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે સી.આર.પી.સી કલમ - ૧૭૪ મુજબ એ.ડી. નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.**

**રાજસ્થાનમાં પ્રસ્થાપિત બુઝા અને ચક્કાંઢમારીયા ડેમનો વધતો વિરોધ**

# ખેડબ્રહ્મા પ્રાંત કચેરી આગળ ડેમના વિરોધમાં ૫૦૦થી વધુ ખેડૂતો ઉમટયા : ડેમ હટાવો, આદિવાસી બચાવોના નારા સાથે આવેદન

**જળ, જંગલ અને જમીન બચાવવાની આદિવાસી ખેડૂતોની લડત**






બાયડ, તા.૧૬

જિલ્લાની સરહદને પેલે પાર રાજસ્થાન સરકાર દ્વારા બુઝા અને ચકસાંઢમારીયા ડેમના નિર્માણ સામે ખેડૂતો અને પ્રજાનો વિરોધ હવે આક્રમક સ્વરુપ પકડી રહ્યો છે. ગુરુવારે સવારે પોશીના, ખેડબ્રહ્મા, રાજસ્થાન વિસ્તારના ખેડૂતો અને આદિવાસી સેનાએ ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી તાત્કાલિક ગુજરાત સરકાર દરમ્યાનગીરી કરી રાજસ્થાનમાં ડેમ નિર્માણનું કાર્ય અટકાવે તેવી માંગ કરી છે. અન્યથા જિલ્લાના બે તાલુકાના ખેડૂતો સહિત ઉત્તર ગુજરાત અને અમદાવાદની જીવાદોરી સમાન ધરોઈ ડેમને પણ અસર થવાની દહેશત વ્યક્ત કરી છે. ખેડબ્રહ્મા પ્રાંત કચેરી આગળ રોષ વ્યક્ત કરવા ખેડૂતો ઉમટતાં એક તબક્કે અજંપા જેવી સ્થિતિ જોવા મળી હતી. ખેડબ્રહ્મા-પોશીનાના સરહદી રાજસ્થાનના ગામોના ખેડૂતો અને પ્રજા માટે સાબરમતી-શેઈ નદી જીવાદોરી સમાન ગણાય છે. સારા ચોમાસામાં આ બંન્ને નદીઓમાંથી પાણીનું વહેણ ચાલુ રહેતું હોય છે જેથી ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના ગામોના બોરા રીચાર્જ થતા હોય છે. જ્યારે નદીમાં પાણીના આવરાના કારણે જીવસૃષ્ટીને પણ તેનો લાભ થઈ રહ્યો છે પરંતુ હવે રાજસ્થાન સરકાર દ્વારા બે મોટા ડેમના પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યા છે જેથી સાબરમતી અને શેઈ નદીનું પાણી બંન્ને તાલુકાઓમાં આવતું બંધ થઈ જાય તેમ હોવાથી સિંચાઈની ગંભીર સમસ્યા ઉભી થઈ શકે તેમ છે. આદિવાસી ટ્રાયબલ ગણાતા તાલુકામાં તેની દુરોગામી ગંભીર અસરો પડી શકે તેમ હોવાથી શરુઆતમાં તેનો રાજસ્થાનમાં વિરોધ થયા પછી સ્થાનિક આદિવાસી ખેડૂતોએ પણ ડેમના વિરોધમાં લડત શરુ કરી છે જેમાં તા.૧૫ ના રોજ ડેમ હટાવો, આદિવાસી બચાવો..ના નારા સાથે આદિવાસી હિતરક્ષા સેના ગુજરાત-રાજસ્થાન દ્વારા ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને ડેમનું નિર્માણ કામ અટકાવવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ડેમના નિર્માણથી રાજસ્થાનમાં ૨૪,૦૦૦ પરિવારો વિસ્થાપિત થાય તેમ છે અને તેની ગંભીર અસર ખેડબ્રહ્મા ઉપરાંત પોશીના, દાંતા, કોટડા, લાંબડીયા સહિતના વિસ્તારોમાં થઈ શકે તેમ હોવાથી ડેમનું કામ અટકાવવા માટે માંગ કરવામાં આવી છે. ઉપરવાસમાંથી આવતું પાણી બંધ થાય તો તેની અસર ધરોઈ ડેમને પણ થઈ શકે તેમ છે.

### ખેડૂતોની રજૂઆત સરકારને મોકલીશું – પ્રાંત અધિકારી

ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી હાર્દ યુ. શાહએ જણાવ્યું કે રાજસ્થાન સરકાર દ્વારા બે ડેમનું નિર્માણ કાર્ય હાથ ઉપર લેવાયું છે તે મુદ્દે પોશીના, ખેડબ્રહ્મા તાલુકાના કેટલાક ખેડૂતોએ વિરોધ વ્યક્ત કરી આવેદનપત્ર આપ્યું છે જે સરકારને મોકલી આપવામાં આવ્યું છે.

### ડેમના નિર્માણથી કયા ગામોને અસર થવાની સંભાવના

આંજણી, સાલેરા, કાઠીયા, વલસાડી, ખંઢોરા, દંત્રાલ, ગણવા, બેડાખાદર, સેબલીયા, ગુણભાંખરી, મંતરવાડા, ગોર, દોતડ, લાંબડીયા, ચોલીયાટેબડા સહિતના ૧૦૦ થી વધુ ગામોને માઠી અસર થઈ શકે.

# દેશી જાગરણ મંચ અરવલ્લી,જાયન્ટ્સ મોડાસા જેસીસ મિલ્ક કમિટી દ્વારા સ્વદેશી અપનાવો સેમિનાર યોજાયો





મોડાસા, તા.૧૬

સ્વદેશી જાગરણ મંચ મોડાસા જાયન્ટ્સ જેસીસ કમિટી દ્વારા સ્વદેશી અપના દેશ બચાવો સાથે સાથે લઘુ ઉદ્યોગ સ્વરોજગારી કેવી રીતે પેદા કરવી તેના લગતો સેમિનાર જેસીસ હોલમાં યોજવામાં આવ્યો. લલિતા બા બી.એડ કોલેજ ના અધ્યાપકો વિદ્યાર્થીની વિદ્યાર્થીઓ ને સદેશી જાગરણ મંચ રાષ્ટ્રીય પ્રચાર સંયોજક ગુજરાત પ્રભારી મનોહરજી. દ્વારા મનનીય વક્તવ્ય આપી ને સમજાવવામાં આવ્યું આ કાર્યક્રમમાં સ્વદેશી જાગરણ મંચના પ્રાંત સંયોજક ચૈતન્ય ભટ્ટ . પ્રાંત પ્રચાર પ્રમુખ નિલેશ જોષી .અરવલ્લી જિલ્લા સંયોજક વિનોદ પટેલ.જે સી સ કમિટીના ચેરમેન નવનીત પરીખ કોલેજના આચાર્ય ની ઉપસ્થિત યોજવામાં આવ્યું સમગ્ર કાર્યક્રમનું આયોજન સ્વદેશી જાગરણ મંચ તાલુકા સંયોજક અશોક ત્રિવેદી. માલપુર તાલુકા સંયોજક ધર્મેન્દ્ર સિંહ રાઠોડ મોડાસા શહેર સંજોગ સંયોજક પ્રવીણ પરમાર દ્વારા કરવામાં આવ્યું.

# સીતવાડાની પ્રાથમિક શાળાના સ્થાપના દિવસની ઉજવણી




પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે આવેલ પ્રાથમિક શાળા ના સ્થાપના દિવસ ની ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે આવેલ વસ્તાજી ફળિયા પ્રાથમિક શાળાના સ્થાપના દિવસ ની શાનદાર રીતે ઉજવણી કરવામા આવી હતી જેમા શાળાના આચાર્ય દ્વારા શાળાના ભૂતપૂર્વ વિધાર્થીઓ ગ્રામજનો અને શાળાના બાળકો સાથે કેક કાપી હતી તો શાળાના બાળકોને ભોજન કરાવવામા આવ્યુ હતુ તો શાળાના આચાર્ય યાસીન ભાઈ મનસુરી તથા સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યું હતુ.

# પાલનપુરમાં બસ સ્ટોપ પર વિદશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

**અમદાવાદ જવા બસની રાહ જોઈ ઉભેલા ઇસમ માંથી ૪૫૦ વિદેશી દારૂના પાઉચ મળ્યા : રૂ.૩૧૫૦૦ કિંમતના વિદેશી દારૂ સાથે અમદાવાદ ઇસમની અટક કરાઈ**

પાલનપુર તા.૧૬

પાલનપુરમાં જી.ડી મોદી કોલજ આગળ આવેલ એસટી બસ સ્ટોપ પર વિદેશી દારૂ ભરેલા થેલા સાથે ઉભેલા અમદાવાદ ના એક ઈસમને પોલીસે ઝડપી પાડ્યો હતો આ ઈસમ પાસે થી રૂ.૩૧૫૦૦ ની કિંમતના વિદેશી દારૂના ૪૫૦ પાઉચ મળી આવતા તેની અટકાયત કરવામાં આવી હતી. પાલનપુર શહેર પશ્ચિમ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન જી.ડી.મોદી કોલેજ સામે આવેલ બસ સ્ટોપ પર અમદાવાદ જવા બસની રાહ જોઈ થેલા થેલા સાથે ઉભેલા શંકાસ્પદ હાલતમાં ઉભેલા એક ઈસમને પોલીસે તેનું નામ ઠામ પૂછતાં તેને તેનું નામ સુશીલ દિલીપભાઈ ગારંગ (છારા)રહે. કુબેરનગર અમદાવાદ વાળો હોવાનુ જણાવતા પોલીસે તેની પાસે રહેલા થેલાની તપાસ કરતા આ થેલા માંથી રૂ.૩૧૫૦૦ ની કિંમતના વિદેશી દારૂના ૪૫૦ પાઉચ મળી આવતા પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે અમદાવાદ આ ઈસમની અટકાયત કરી તેની સામે શહેર પશ્ચિમ પોલીસ મથકે પ્રોહીબિશન એકટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ધાનેરા એચ. પી. પેટ્રોલ પમ્પની નજીક બાળકોની હોસ્પિટલ ! મોટો અકસ્માત બને તો જવાબદાર કોણ?

**પેટ્રોલ પંમ્પની અડીને બનેલ બાળકોની હોસ્પિટલ પર કોની મહેરબાની?**




ધાનેરા તા.૧૬

સરકારી નિયમો અને કાયદાને નેવે મૂકી ને ધાનેરા માં તંત્ર રાજ કરી રયું છે.પેટ્રોલ પંપ ની નજીક હોસ્પિટલ, શાળાઓ વગેરે ચલાવી શકાય નહિ,પરંતુ ધાનેરામાં એચ.પી પેટ્રોલ પંપ ને અડીને આવેલ બાળકોની હોસ્પિટલ તેમજ અન્ય હોસ્પિટલ બનાવવામાં આવેલ છે. અને ખુલ્લેઆમ ચાલી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,પેટ્રોલ એક જલદ પ્રવાહી હોવાથી આગના બનાવો બની શકે તેમ છે.અને કોઈ ભયંકર આકસ્મિક બનાવ બને અને બાજુમાં રહેલ નાનાં બાળકોની હોસ્પિટલ ના દર્દીઓ ની જાન જોખમ માં મુકાય તો જવાબદારી કોની? સરકાર શ્રીના નિયમો માં પેટ્રોલ પંમ્પ થી ૨૦૦ મીટરથી ઉપરના એરીયા દૂર બનાવી શકાય છે. પરંતુ પેટ્રોલ ની નજીક આવેલ હોસ્પિટલો બિન્દાસ થી ચલાવી રહ્યા છે ગમે ત્યારે કોઈ બનાવ બને અથવા મોટુ કોઈ આકસ્મિક નુકસાન સર્જાય અને દર્દીઓની જાનહાનિ નો ખતરો પેદા થાય છે. તો આવી હોસ્પિટલને દર્દીઓનું જોખમ વધી જાય છે માટે કોઈ મોટી જાનહાની થાય એ પહેલા આરોગ્ય તંત્ર વિભાગ ના અધિકારી દ્વારા તપાસ કરી આ બાળકોની હોસ્પિટલો ને નોટિસ આપી તાકીદે હટાવવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.